# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આપસી હુંસાતુંસીમાં દેશની શ્રદ્ધા ભાંગી ગઇ!
અહમની ખેંચાખેંચમાં પ્રજાની આશા ભાંગી ગઇ!
ભાંગી કઇ કરોડ આમ જનતાની આ આઘાતે
ઘમંડના ઘમસાણમાં 'આપ પાર્ટી' ભાંગી ગઇ!

## હાઈકુ

કેજરીવાલે -
'આપ'માં ફીટ કર્યા
મોદી-ટાયર..

થૈ ગઇ હવે -
આમ પક્ષો જેવી જ -
સત્તા ની ભૂખી..

(સત્તાના તેજાબમાં આદર્શ ઓગળી ગયો)

## ચિંતન

**પાપાન્નિ વાચ્યતિ યોજયતે હિતાય ગુહ્યાનિ ગૂહતિ ગુણાન્પ્રકટી કરોતિ ।**
**આપદ્‌ગતં ચ ન જહાતિ દદાતી કાલે સન્મિલક્ષણ મિદં પ્રવદન્તિ સન્તઃ ॥**

'જે પાપ કરતાં-સાચી સલાહ આપીને અટકાવે છે અને આપણને આપણા હિતમાં શું છે એ બાબતની પ્રેરણા આપે છે, આપણાં રહસ્યો અને ગુપ્ત રાખવા જેવી બાબતો ગુપ્ત રાખે છે અને આપણા જાહેર પ્રશંસા કરવા જેવા સદ્‌ગુણોનો પ્રચાર કરે છે જે આપણી મુશ્કેલી-આપત્તિમાં આપણો સાથ છોડતો નથી અને સમય-સમય પર સાચી અને યોગ્ય સલાહ આપતો રહે છે. આ બધાં સારા અને સાચા મિત્રના લક્ષણ છે.'

આજના યુગમાં 'તાળી' મિત્ર અનેક મળે છે અર્થાત્ ગલ્લા પર સાથ દેનારા - વ્યસનમાં વટ લાવનાર, અને દુરાચારના માર્ગે દોરી જનારા સંપત્તિમાં સાથ આપનાર અનેક મિત્રો મળે છે પણ સંકટના સમયમાં ખભેખભો સાથે રાખી મદદરૂપ બનનારા બહુ જ ઓછા મળે છે. આ શ્લોકમાં સન્મિત્રના લક્ષણ સદ્‌ગુણોનું વર્ણન છે.

## સુવિચાર

- કેટલીયે ઝીણવટથી કામ કરે છે સહુ, તોય આશા ન રાખે પુરસ્કારની.. આંખ જરા ઝીણી કરીને જુઓ તો ખરાં, કેવી જોર ચાલે છે ઓફીસ કીઆરની - **હરિદ્વાર ગોસ્વામી**
- આપત્તિની ફૂટપટ્ટી વડે મિત્રોની વફાદારી અને સંબંધીઓનો સહકાર મપાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે કલ્પ્યુ ન હોય કે જે વિચાર્યું ન હોય એવી ઘટનાઓનો સરવાળો એટલે જિંદગી - **જીવનસૂત્ર**
- કેવળ તે દિવસે જ પ્રભાત ઉગ્યું ગણાય, જે દિવસે આપણે પૂરેપૂરા જાગી ગયા - **અમૃતલાલ વેગડ**
- તર્ક ને પૂર્ણવિરામ ત્યાં શ્રદ્ધાનો પ્રારંભ - **કિશનસિંહ ચાવડા**
- નિર્દોષ માણસને કદી ઊંઘ માટે ફાફાં મારવા પડતાં નથી - **વિલીયમ કૂપર**
- તમે જેટલીવાર મોં ખોલો છો એટલીવાર બીજી વ્યક્તિને તમારા મગજની અંદર ડોકિયું કરવાની તક આપો છો.. - **રજનીશ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સત્ય, સત્ય જ છે અને સત્યનો જ સદા વિજય થાય છે પણ સત્ય કહેવામાં વિવેક રાખવો જોઇએ એમાં કટુતા ન આવે એ રીતે વિવેકપૂર્ણ કહેવું જોઇએ. સત્ય ન કહેતાં, કોઇ પ્રિય થવા જૂઠ્ઠું બોલવું તો અયોગ્ય જ છે. પણ 'નગ્ન' સત્ય કહેવા કડવાશ પણ ન વહોરવી.

રાજાએ પોતાની એક આંખ યુદ્ધમાં ગૂમાવી હતી. આંખની જગ્યાએ વિચિત્ર ખાડો થઇ ગયો હતો.

રાજાએ ત્રણ પ્રસિદ્ધ ચિત્રકારને બોલાવ્યા અને કહ્યું મારું સુંદર છતાં વાસ્તવિક 'ચિત્ર' પોર્ટ્રેઇટ) બનાવી આપો. સુંદર ચિત્રને ઇનામ આપીશ.

એક ચિત્રકારે રાજાનું ખૂબ જ સુંદર ચિત્ર બનાવ્યું. એમાં બંને આંખમાં દિવ્ય દૃષ્ટિ બતાવી. એણે વિચાર્યું રાજા તો કહે - પણ રાજાને એક આંખવાળા કેમ બતાવાય?

બીજાએ વિચાર્યું - રાજાએ પોતે જ કહ્યું છે કે તો એકવાળો 'રાજા' બતાવવામાં શું વાંધો? જે છે તે સાચું જ ચિત્ર દોર્યું. એક આંખે ખાડાવાળું જ ચિત્ર દોર્યું.

ત્રીજાએ વિચાર્યું - રાજાએ 'વાસ્તવિક' ચિત્ર દોરવાનું કહ્યું છે તેથી એમાં કંઇક રહસ્ય તો હશે. ચિત્ર એક કલા છે - સત્ય પણ ખૂબીપૂર્વક દર્શાવાય ત્યારે જ કલાની કિંમત છે.

એક રાજા એક પંખીનો શિકાર કરતો રાજાનું ચિત્ર બનાવ્યું. જેમાં એક આંખ બંધ કરી - ધનુષ્યની પણછ ખેંચતો રાજા દર્શાવ્યો . આમ રાજાની એક આંખ-ખોટ આપોઆપ બિડાઇ ગઇ.. સત્ય તો હતું જ છતાં ઢંકાયેલું...

ઇનામ કોને મળ્યું હશે. તમે સમજી જ ગયા હશો.

Email - sureshchandrabhatt18@gmail.com

# વિદેશી પક્ષીઓ ગરમી સહન કરી ન શકે એ વિચારથી ખસટ્ટીઓ બાંધવાનું અને સવાર સાંજ પાણી છાંટવાનું ચાલુ થયું, પેટીમાં રહેતા સાપો માટે પણ સર્પગૃહ બનતાં પાકા બાંધકામમાં ગરમીથી બચાવવા તેમને પણ ખસટ્ટીઓથી ઠંડક અપાવા લાગી

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

સાબરમતી નદીને કિનારે વૃક્ષાચ્છાદિન ઉબડખાબડ કોતરોવાળા વિસ્તારને નવસાધ્ય કરી પ્રકૃતિ ઉદ્યાન તરીકે વિકસાવવામાં આવી રહ્યો હતો. નૈસર્ગિક વાતાવરણને માણવા અમદાવાદ અને નવા વસી રહેલાં ગાંધીનગરના રહેવાસીઓ પ્રકૃતિ ઉદ્યાનમાં આવતા. અહીં વૃક્ષો અને વનરાજી તેમજ પંખીઓનો કિલ્લોલ આકર્ષણનું કેન્દ્ર હતું. પ્રાણીસંગ્રહાલય જેવું તો કંઈ હતું પણ નહીં અને પ્રાણીઓને કેદ કરીને રાખવાના વિચારવાળા તે સમયના સંચાલકો પણ કદાચ નહોતા. વર્ષો સુધી પ્રકૃતિ ઉદ્યાનની કોઈ ચોક્કસ ચીમા દર્શાવી શકાય તેવી વ્યવસ્થા પણ નહોતી. બધું જ મુક્ત, અને કદાચ આ મુક્તતા જ અહીં લટાર મારવા આવનાર મુલાકાતીઓને ગમતી હતી. કાચા રસ્તા ને વનકેડીઓમાં ઘુમવાનો આનંદ પણ અનેરો હતો. બેસવાની કોઈ વિશેષ સુવિધાઓની જરૂરીયાત પણ કયાં હતી. મોટા મોટા વૃક્ષો હતા તેના છાયડાંમાં બેસીને આનંદ આવે તેવો બીજે કયાંય ન આવે. જે હરણોના આગમન સાથે આ પ્રકૃતિ ઉદ્યાનનું નામ સંકળાયું એ હરણની આગમન સાથે આ પ્રકૃતિ ઉદ્યાનનું નામ સંકળાયું એ હરણની જુદી જુદી જાતો જેમ કે કાળીયાર, સાબર, ચિત્તલ, ચીંકારા, નીલ ગાય વિગેરેને લોકોનો હરણ જ કહેતાં હરણોદ્યાન બન્યું ત્યારે હરણ માટે કુદરતી આવાસ-નિવાસ અને વાતાવરણ મળી રહે તેનો પુરો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. તેથી ખાડા-ટેકરાવાળા વિસ્તારમાં વિશાળ પાંજરા બનાવવામાં આવેલાં જેમાં મુક્ત રીતે હરણ વિચરણ કરતાં પાણી માટે કુદરતી તળાવ જેવાં જ લાગે એ પ્રકારે છીછરા પણ પહોળા કુંડ બનાવાયેલ તેના કિનારે હરણનું ટોળું પાણી પીતું હોય વળી સહેજ ખખડાટ થતાં કાન ઊંચા કરી ચારેબાજુ જોતાં હોય છે અને સહેજ ભયનો અણસાર લાગે તો ભાગી ને દૂર દૂર ટેકરા પણ જઈ ઊભાં રહી જાય. હરણોદ્યાનનો આ કુદરતી વૈભવ હતો. હરણનાં પાંજરાઓમાં મોટાં મોટાં ઝાડ હતા. તેના પર વાંદરાનું ટોળું હુપાહુપ કરતું નાસભાગ કરતું હોય, પાણીના કુંડ પાસે મોર કળા કરતો હોય અને ઢેલો આમતેમ ફરતી હોય, ઊંચી ડાળ પર બેઠેલો કલકલીયો પાણીમાં તરાપ મારીને જીવાત ઉઠાવી લઈ ફરી પાછો એ જ ડાળીએ ઊડીને જોઈએ ત્યારે તેના ભભકદાર રંગોમાં મોહી પડાય.

ઉનાળાની ગરમી તો એ સમયે પણ લાગતી પણ શહેરના પ્રદૂષિત વાતાવરણ કરતાં અહીં ગરમીનું પ્રમાણ ઘણું ઓછું અનુભવાતું તેથી બાળકોની પરીક્ષાઓ પુરી થતાં જ પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓની સંખ્યામાં સારો એવો વધારો થતો. વળી દિવસે દિવસે આકર્ષણો પણ વધતાં ચાલ્યાં. મગર ઉછેર કેન્દ્ર માટે મોટા મોટા કુંડો બન્યા તેમાં પાણી ભરેલું રહેતું મગર કયારેક પાણીમાં તો કયારેક પાણીની બહાહર જોવા મળી જતા. કેટલાય વિદેશી પક્ષીઓ મળતાં તેના નાનાં નાનાં પાંજરા બનેલાં.

નવા વસી રહેલ ગાંધીનગરમાં વસવાટ વિસ્તારમાં અવારનવાર સાપ નીકળતા તેને પકડવા માટે શરૂઆતમાં જયંતિલાલ ગોલાણિયા હતા. તેમનો એક હાથ ટૂંકો હતો છતાં ખુબ ચપળતાથી એ સાપને પકડતા. તેમની પાસેથી કાળાજી ધોળાજી ઠાકોર અને બીજી પણ બે-ત્રણ કામદારો સાવ પકડતાં શીખેલાનું જાણવા મળ્યું હતું. તે સમયે સાપને પકડી લાવી નદી કિનારાના કુદરતી જંગલ જેવા અગોચર વિસ્તારમાં છોડી મુકવામાં આવતા. લોકોને સાપ પ્રત્યે સંવેદના જાગે અને તેની મેળવે તે માટે 'સ્નેક શો' ના કાર્યક્રમો થતાં. જેમાં મુલાકાતીઓને ખુબ રસ પડતો. તે વખતે સાપને લાકડાંની પેટીઓમાં રાખવામાં આવતા જેની બે તરફ લોખંડની જાળી અને એકતરફ કાચ રહેતો. લાકડાંની પેટી હોવાથી અને જાળીને કારણે હવાની અવરજવર રહેતી હોવાથી સાપો માટે બીજી કોઈ ખાસ વ્યવસ્થાની જરૂર પડતી નહીં.

લવબર્ડ, કોકોટીલ, ગાજહંસ જેવા પક્ષીઓ માટે જે જગ્યા હતી તે પણ ખુબ જ વિચારપૂર્વક પસંદ કરાયેલ હતી. અહીં ગુંદા, લીમડા અને કરંજનાં મોટા ઝાડની છાંયાવાળો વિસ્તાર હતો. તેથી ઠંડક સારી રહેતી.

ધીરે ધીરે આ પ્રકૃતિ ઉદ્યાનમાં પરિવર્તન આવતું રહ્યું છે. તે કુદરતનો નિયમ પણ છે. પરંતુ જેમ જેમ કૃત્રિમતા વધતી ચાલે તેમ તેના પ્રશ્નોને હલ કરવા સુવિધાઓનો ઉદ્‌ભવ પણ થતો જ હોય છે.

ઉનાળામાં ગરમીનો પારો ઊંચો ચડવા લાગે એટલે સીમેન્ટ્ કોંક્રીટનાં મકાનો તપવા લાગે. કયાંક ઈલેકટ્રીક પંખા, એકકુલરનો વપરાશ ચાલુ થઈ જાય તો ઓફીસોમાં અને બંગલાઓમાં એરકન્ડીશનર ચાલુ થઈ જાય.

પ્રકૃતિ ઉદ્યાનમાં પણ જેમ જેમ પાકાં બાંધકામોમાં વધારો થયો તેમ પ્રાણીઓ પક્ષીઓના કુદરતી વસવાટ, રહેણાક અને તેમની જાળવણી માટેના પ્રશ્નો ઉકેલવા નવા નવા તરીકાઓનો અમલ થવા લાગ્યો.

પહેલાં હરણનાં પાંજરાઓમાં મોટાં વૃક્ષો હતા. તેમાંથી થોડાં સુકાઈને નાશ પામ્યા, નદીનું પાણી બે વાર ધસી આવેલું તેના કારણે પડી ગયા. બીજા ઉછેરવાના પ્રયાસો તો થયા પણ તે ઉછરે ત્યાં સુધી શું? એટલે છેવટે સીમેન્ટ ઈંટોના ચણતર અને માથે પતરાંવાળાં શેડ બન્યાં. પ્રાણીઓ પણ આ પરિવર્તન સામે અનુકૂલન સાધવા લાગ્યાં.

વિદેશી પક્ષીઓ ગરમી સહન કરી ન શકે એ વિચારથી ખસટ્ટીઓ બાંધવાનું અને સવાર સાંજ પાણી છાંટવાનું ચાલુ થયું. પેટીમાં રહેતા સાપો માટે પણ સર્પગૃહ બનતાં પાકા બાંધકામમાં ગરમીથી બચાવવા તેમને પણ ખસટ્ટીઓથી ઠંડક અપાવા લાગી. જો કે પહેલાં પણ પક્ષીઓ અને સર્પોને ગરમીથી બચાવવા તેમનાં પાંજરા અને આસપાસના વિસ્તારોમાં પાણીનો છંટકાવ થતો. પણ આ એક સુવિધા વધારાઈ જો કે તે અંગે ખરેખર એ વન્યજીવો શું વિચારતા હશે એ તો પ્રશ્ન રહે છે.

માનવ પોતાને ઠીક લાગે તે રીતે કુદરતી જીવોને રાખવા અને જાળવવાનો પ્રયાસ કરતો હોય છે. સર્પગૃહની ફરતે વેલાઓ લગાવી આચ્છાદિત કરાયેલ ત્યારે કુદરતી રીતે ખુબ સરસ ઠંડક ત્યાં રહેતી પણ આધુનિકતા તેને સ્પર્શી જતાં વેલાઓ કપાઈ ગયા અને હરિયાળીનું વસ્ત્રાહરણ થતાં પાંજરાની ભીંતો તપવા લાગતાં ખસપટ્ટીઓ ટીંગાડવાનું ત્યાં પણ શરું થયું.

દીપડાના પાંજરાની વાત કરીએ તો ત્યાં પણ પહેલાં મોટા વૃક્ષો હતાં. ઉપરાંત કરમદાં અને વાંસના ઝુંડમાં કુદરતી લાગે તેવું વાતાવરણ ઊભું કરવાનો સુંદર પ્રયાસ થયો હતો. પણ પ્રાણીઓના એક તબીબે કહ્યું કે પાંજરામાં રહેતા દીપડાને કરમદાના કાંટા વાગશે. એટલે કરમદાંના જાળાં કાપી નંખાયાં, ગરમીના દિવસોમાં બેચેની અનુભવતો દીપડો આમતેમ આંટા મારતો રહેતો. થોડીવાર પાણીનાં કુંડમાં નહાવા પડતો પણ સીમેન્ટ ક્રોકીંટથી બનાવેલ કુંડનું પાણી ગરમ હોઈ બહાર આવી જતો. છેવટે તેના માટે પહેલાં એરકુલર અને તે પછી સ્પ્રીંકલર (ફુવારા) ઓ ગોઠવાયા. વાઘની જોડ આવી તેના માટે પણ આવી જ આધુનિક સુવિધાઓ ઊભી કરાઈ. કુદરતી અવસ્થામાં જંગલમાં રહેતાં પ્રાણીઓને આવી વ્યવસ્થા છતાં બંધનાવસ્થા ગમે નહીં એ તો સ્વાભાવિક જ છે. છતાં માનવ પોતાનો અહમ સંતોષવા અને કયારેક પોતાની જાતને પ્રાણીપ્રેમી અને તેમનો રક્ષક છે એવું પ્રતિપાદિત કરવા કેવા કેવા નક્કામા પ્રયોગો કરતો હોય છે નહીં.

પ્રકૃતિ ઉદ્યાનનું પ્રાણી સંગ્રહાલયમાં કયારેક અને કઈ રીતે રુપાંતર થઈ ગયું એ જ પ્રશ્ન છે. પ્રક્રિયા ઘણી લાંબી ચાલેલી, બે દાયકાના સમયગાળામાં જે પરિવર્તન આવ્યું. તેણે ઘણીબધી સુવિધાઓ સાથે અવનવા પ્રશ્નો પણ સર્જ્યા હતા. હાથીઓ માટે મોટું હાથીખાનું અસ્તિત્વમાં આવ્યું પણ હાથી ન જ રહ્યા. પણ તેની વિગતે વાત આગળ કરીશું.

અત્યારે કોઈ પુછે કે આ પ્રકૃતિ ઉદ્યાન છે કે પ્રાણી સંગ્રહાલય તો તેનો જવાબ આપવો મુશ્કેલ છે કેમ કે પ્રકૃતિઉદ્યનની નૈસર્ગિકતાનો હાસ થયો છે અને પ્રાણી સંગ્રહાલયમાં જે પ્રકારની વ્યવસ્થાઓ, સુવિધાઓ અને પાંજરાઓની રચના જોઈએ તેવું અહીં કંઈ જોવા મળતું નથી. જે કંઈ છે તે તાત્કાલિક જરૂરિયાત અનુસાર ઊભી કરેલી કામચલાઉ વ્યવસ્થાઓ છે. હાં આને તમે વન્ય પ્રાણીઓ માટેની પાંજરાપોળ એવું નામ આપી શકો. કેમ કે જયારે પણ કોઈ વન્યપ્રાણીઓ ઘાયલ, બીમાર, રખડતું ભટકતું માનવ વસ્તીમાં આવી ગયેલું મળે ત્યારે તેને અહીં લાવીને રાખવાની વ્યવસ્થા બીજે કયાંક નથી તો અહીં રાખો. એવો એક અભિગમ રહ્યો છે. મને એક જણે કહેલું કે દીપડાનું બચ્ચું અહીં લાવવામાં આવ્યું ત્યારે તેના માટે કોઈ સગવડો ન હતી. તે વખતે પ્રકૃતિ ઉદ્યાનમાં ઘુસી આવતાં ગાયો, ભેંસો કે બકરાંને પકડીને પુરવા માટે એક કામચલાઉ વાડો બનાવેલો તેમાં થોડા ફેરફારો કરીને દીપડાનું પાંજરું બનાવાયેલું છે. પહેલાં નાના અને તે પછી મધ્યમ કદના ઝૂ (પ્રાણી સંગ્રહાલય) તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ હોવા છતાં આ પ્રાણી સંગ્રહાલયને સેન્ટ્રલ ઓથોરીટી તરફથી ખાસ કંઈ મદદ કે માર્ગદર્શન મળ્યું હોય એવું બન્યું નથી. હાં પ્રવાસનના વિકાસ માટે પાકા સિમેન્ટ, કોંક્રીટના રસ્તાઓ, કુલરના ઠંડા પાણી અને બગીચાઓ બનતાં પ્રવાસીઓની સંખ્યા જરુરથી વધી છે. પણ પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓ, પક્ષીઓ, સરિસૃપો, પહેલાં જે નૈસર્ગિક વાતાવરણમાં રહેતાં હતા. મુક્ત વિહરતા હતા. તેને પ્રગતિ, વિકાસ અને પરિવર્તનનો આ પવન કેટલે અંશે માફક આવ્યો છે તે પણ વિચારવાની બાબત છે.

છતાં પ્રકૃતિ ઉદ્યાન એક નૈસર્ગિક ખજાનો છે. તેને જોવા આવનાર માટે એ જંગલનો શૉરૂમ છે. જે લોકો કુદરતી જંગલમાં વિહરવા જઈ શકતા નથી. તેમના માટે આ અદ્‌ભૂત જગ્યા છે. તેની જાળવણી થાય તે ખુબ જ જરુરી છે.

# તને જે ગીત આવડે તે ગા તું એ રીતે સ્વયંની વ્હારે ધા...

## વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

હંસા જોર સે જબ, તબ દુનિયાં
બોલી - ઈસકા પેટ ભરા હૈ...
ઔર ફૂટ કર રોયા નખરા હૈ
જબ ગુમસુમ રહ ગયા, લગાઈ
તબ ઉસને તોહમત ઘમંડ કી
કભી નહીં વહ સમજી ઈસકે
ભીતર કીતના દર્દ ભરા હૈ
દોસ્ત કઠિન હૈ યહાં કીસી કો ભી
આપની પીડા સમજાના
દર્દ ઉઠે તો, સૂને પથ પર
પાંવ બઢાના, ચલતે જાના...

- સર્વેશ્વર ધ્યાન સકસેના

આ દુનિયામાં ગધેડાનું ઘેટું અને ઘેટાનું ગધેડું કરનારા એક કહેતા હજાર મળે છે... સંબંધ તો ઝાંઝવા છે, કોઈનો સાથ જીવનભર નથી રહેતો... એકલા જવાના સાથી વિના સંગી વિના... આવી બધી ફિલોસોફીની ભારેખમ વાતો જીવનમાં ઘણીવાર મમળાવવી પડે છે, 'કોઈ કોઈનું નથી રે... નાહકના શું મથી રહ્યો... ના ભજન લલકારતા રહેવામાં પણ એક અજબ લિજ્જત પડે છે... ખરું કે નહીં!'

વાસ્તવમાં કોઈ સ્વજનના મૃત્યુ પછી જયારે ક્ષણિક સ્મશાન વૈરાગ્ય આવે છે, ત્યારે બધા જ તત્ત્વદર્શનનું જ્ઞાન અચાનક લાધી જાય છે... દરેકના જીવનમાં કયારેક ને કયારેક તો આ પળ આવતી જ હોય છે...

આપણી અપેક્ષાઓ, ભાવનાઓ જયારે આપણે ન સમજાવી શકીએ ત્યારે જે હૃદય ડુમાય છે, તે અકથનીય છે...

અંદરની સાવ તૂટીને કૂચ્ચો વળી ગયેલો વ્યક્તિ પોતાના પરિવારની ખાતર સ્વસ્થ રહેવાનો અને હસવાનો ડોળ કરતો હોય છે... એનો અર્થ દુનિયા એવો કાઢી લે છે કે, સ્વજન જવાની કોઈ પીડા તેને નથી... જોર-જોરથી હસનાર વ્યક્તિ એટલી જ જબરજસ્તીથી પોતાની આંખની રતાશ છુપાવવાનો યત્ન કરતો હોય છે, તે સમજવાની ફુરસદ દુનિયાને નથી...

કોઈ ગણતરી આપણા ઝખમોની કયાં કરે?
છાતી પર ટિંગાડો ખિતાબો તો એ ગણે...

- રમેશ પારેખ

આપણી માલીયા આપણા અંતરમાં જે ખાલીપો છે, જે વેદના છે તે ઉલેચવાની તેને જાણવાની મથામણ કયાં કોઈ કરે છે? હાં જો મહેકમ - ઈલકાબ મળે તો નજરે ચડીએ છીએ...

તો વળી આશ્વાસન મેળવાની આશમાં, સહાનુભૂતિનું ઝરણું શોધતા આપણે કોઈ ખભાને આપણા હિતેચ્છુનો ખબો ગણીન દુઃખ ઠાલવીએ છીએ, ત્યારે પણ ચેતના જેવું છે... આપણા દુઃખને આપણા રુદનને 'પલપળિયા પાડનારા' ક્ષણવામાં પણ આ જ લોકો હોય છે...

સુખની ઈર્ષ્યા કરવાવાળા ભલે મળે પરંતુ દુઃખની મજા લેવાવાળા તો કદાપિ ન મળજો...

જેને પોતાના સમજીને હૃદયી વ્યથા ઠાલવી હોય તે જ કાળમૂખા મૂર્ખાઓ વેવલો અને વેદિયો, રોતલીયો જેવા વિશેષણોથી આપણને પીઠ પાછળ નવાજે છે...

સુખને વહેંચવા માટે કોઈ કંપની ન મળે તો ચાલે પરંતુ દુઃખ-પીડા શૅર કરવા માટે તો કોઈ હમદર્દ હોવું જ જોઈએ... પણ આવી કંપની જ ઘણીવાર વેદનાના ખાતર પર કટાક્ષ અને હાસ્યના ચાર પાડતી જોવા મળે છે...

વખત એવો આવે છે કે આપણે મૌન થઈ જઈએ છીએ, આપણી પીડાને હૃદયના બેઝમેન્ટમાં પાર્ક કરીને બાલ્કનીમાં ન તો દુઃખની ન સુખની કશાની નહીં... શૂન્યાવસ્થામાં ચૂપ થઈ જઈએ છીએ ગુમસુમ થઈ જઈએ ત્યારે પણ અવળચંડી દુનિયા 'ઘમંડી' અને 'મીંઢો' ગણે છે.... આપણા મનોભાવો કોઈકની સમક્ષ વ્યક્ત કરતા પણ ગભરામણ થાય છે... રખે ને વલી કોઈ મન ફાવ્યો અર્થ નીકળી લે તો કયાં જવું!

પરિક્ષિત રાજાને ડંખ દેનાર તક્ષક નાગના વંશજો કેટલાય સ્મૃતિરુપી સર્પો આપણે ડંખ દીધે રાખે છે, પરંતુ આપણા ઉઝરડા કોઈની નજરમાં આવતા નથી.

શાણપણ એમાં જ છે કે, આપણી પીડા આપણા દર્દ કોઈને જણાવ્યા વિગર રોજ આપણા લાક્ષાગૃહમાં આપણે બળીને ઊભા થવાનું છે... કોઈના સાથ કોઈની સહાનુભૂતિની અપેક્ષાના તોરણ બારણે લટકાવેલા રાખશું તો કદી સાંત્વના નહીં મળે...

આપણા શોક અને પીડા દુઃખમાં પણ પૈસો અને સત્તાના રુતબા પ્રમાણે દુઃખભાગીદારી મળે છે... કહેવાતી, દેખાવ પૂરતી આંધળી સાંત્વના ફક્ત રુતબાને ધ્યાનમાં રાખીને મળે છે... લાગણીથી ભીના ભીના થઈને ગળે વળગાડીને દુઃખમાં સાથ આપનારા જ પીઠ પાછળ વગોવતા હોય છે...

આપણી તરસ છીપવા માટે મૃગજળ રાખનારી પરબો પર મીટ ન માંડશો... ઠાલી લાગણી અને ઠાલા વચનોની ભરમારથી સાંત્વનાનું ઘોડાપુર દેખાડનારા દંભી મનુષ્યો પાસે જરા પણ ઢીલા થવું નહીં...

કાળમૂખો કાળ જયારે આપણી સાથે કાવતરું ઘડીને મજાક કરવાનું શરુ કરે છે, પછી બીજા મગતરા જેવા માનવોની શી વિસાત? આપણા સ્નેહી સ્વજન ને શતરંજની રમતમાં પાયદળની જેમ પળવારમાં પોતાની સાથે બોલાવી લે છે... ભૂંડા કાળ સામે જયારે આપણે કોઈ રીતે પહોંચી નથી શકતા ત્યારે... પીડાને પી જવામાં જ શાણપણ છે...

સમયના હાથને કઈ રીતે ઠેલશો પાછો?
એ માગે ચીજ તે તમને ય વ્હાલી હોઈ શકે

- રમેશ પારેખ

આપણો રસ્તો આપણે ખુદ કંડારવાનો છે, એકલા રસ્તો બનાવવાનો છે,

તને જ ગીત આવડે તે ગા
તું એ રીતે સ્વયંની વ્હારે ધા...

૨.પા.

# સત્ય અને સ્પષ્ટ છતાં સેવાભાવી ઉદ્યોગકાર સ્વ. જેરામભાઇ વિઠ્ઠલભાઇ અઘારા

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ઝાલાવાડના કવિ પ્રજારામ રાવળની પંક્તિઓ યાદ આવે છે;


આ આવળ, બાવળ બોરડી,
આ ઝાલાવાડી ધરતી.

ઝાલાવાડી ધરતીના સુરેન્દ્રનગર પાસેના નાના એવા ગજેળી ગામમાં વિઠ્ઠલભાઈ અને માતા જડાવબેનને ત્યાં જયેષ્ઠ પુત્ર તરીકે તા. ૨૬-૧૨-૧૯૨૭ના રોજ જેરામભાઈનો જન્મ થયો હતો. નાનપણથી કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતાં જેરામભાઈએ પ્રાણગઢ ગામમાં પિતા વિઠ્ઠલભાઈ ઉપરાંત કાકા પિતાંબરભાઈ અને નાગજીભાઈ સાથે સુતારીકામની કોઢમાં લાકડાના ઘોડા ઉપર રંધો તાણ્યો હતો અને ગામના ખેડૂતોના ઓજારો બનાવી આપવાની કળા શિખ્યા હતા.

દીર્ઘદૃષ્ટા, મહેનતુ અને સંઘર્ષથી કયારેય પણ પાછા ન પડેલા જેરામભાઈના પિતા વિઠ્ઠલભાઈનું ત્રણ ભાઈઓનું કુટુંબ હતું. તેઓના લગ્ન રાજકોટ પાસેના પારેવડા ગામે થયાં હતા. થોડા સમય બાદ વિઠ્ઠલભાઈ પોતાના પરિવાર સાથે પારેવડા ખાતે વસવાટ કરવા આવ્યાં હતા. સમય અને સંજોગોને આધિન જેરામભાઈ બે ધોરણ સુધી જ ભણી શક્યા હતા, પણ ઝાઝું ગણ્યાં હતાં.

રાજકોટમાં રહીને આપણી કળા, કારીગરી અને કૌશલ્ય વધારવાની ઉમદા ભાવનાથી તેઓએ રાજકોટમાં સુતારી કામના શ્રી ગણેશ કર્યા હતા. પાયાનું કામ કરતાં કરતાં જેરામભાઈનું મગજ કાર્યરત હતું. સૌ પ્રથમ પોતાના કુટુંબ સાથે સ્વબુદ્ધિથી પિત્તળના બટન બનાવ્યાં અને પછી વણાટ કામના મશીન ઉપયોગમાં લેવાતા શટલ બનાવેલા પરંતુ અંગ્રેજ સરકારે એકસાઈઝ લાગુ કરી એટલે પોતાના ધંધો બદલવાની ફરજ પડી હતી, પણ પાછા પડે તો એ જેરામભાઈ નહીં...!

જેરામભાઈ એકવિધ નહીં અનેકવિધ પ્રતિભા ધરાવતા હતા. તેમના વિવિધ પ્રદાનો આજની યુવા પેઢી મારે પ્રેરક છે.



● **ઔદ્યોગિક ક્ષેત્રે દીર્ઘકાલીન પ્રદાન :**

તેઓએ વોચ કેઈસ બનાવવા માટે વિઠ્ઠલભાઈને વાત કરી અને સ્વ. ભવનાભાઈ અંબાસણા અને સ્વ. વિઠ્ઠલભાઈ સાથે વોચ કેઈસ બનાવ્યા હતા. જેરામભાઈએ બીજા વિશ્વયુદ્ધના પડઘા પણ સાંભળેલા. ઈમ્પોર્ટેડ માલ આવતો નહીં. આવી વિષમ પરિસ્થિતિમાં તેઓ અડગ નિરધાર સાથે પિતા વિઠ્ઠલભાઈને વાત કરી અને પછી સાંગણવા ચોકમાં કરીમભાઈ ઘડિયાળી સાથે વ્યવસાય કર્યો.

બસ પછી તો ધીમે ધીમે વોચ કેઈસ ઉત્પાદન અને વેચાણમાં ક્રાંતિ થઈ. રીકવેસ્ વોચ કેઈસના નામે સમગ્ર ભારતભરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત મળી હતી. આજે પણ વોચ કેઈસના પર્યાય તરીકે રાજકોટનું નામ લેવાય છે. આ બીજ વિઠ્ઠલ છગન એન્ડસન્સ સ્વરુપે મોટો વડલો બન્યો હતો.

જેરામભાઈથી નાના લઘુબંધુ ઈશ્વરભાઈ પણ ઊંચા દરજ્જાના અને કારીગરીની ગજબની સૂઝવાળા હતા. તેમને પહેલાં મશીન ટુલ્સ બનાવવાની ત્યારબાદ વોલ-કલોક બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું હતું. તેઓનું અચાનક અવસાન થતાં સમગ્ર જવાબદારી જેરામભાઈ, રામજીભાઈ અને ચત્રભુજભાઈ સાથે ઘડિયાળનું પણ કારખાનું ભક્તિનગરમાં શરું કર્યું હતું. મેંગેનીઝ, આર્યનની પહેલી ફાઉન્ડી પણ તેઓએ જ કરી હતી.

જેરામભાઈ ભલે ભણ્યાં ઓછું, પણ ગણ્યાં વધુ હતા. આપત્તિના પહાડો વચ્ચે અનેક સંઘર્ષોનો સામનો કરવાનો સાથે સાથે ધંધાના વિકાસ માટે બહાર ગામ જવાનું થયું ત્યારે અંગ્રેજી તેમજ અન્ય ભાષાઓ માટે કારખાનાના વહીવટમાં પણ બીજાઓ ઉપર અવલંબન રાખવું પડતું હતું.

જયારે જેરામભાઈ આવા પ્રકારના અનુભવો થયાં ત્યારે તેમણે દઢ મનોબળથી વિચાર્યું કે, 'જો આપણો, પરિવારનો, સમાજનો અને રાષ્ટ્રનો વિકાસ કરવો હશે તો ભણવું જ પડશે. જો પ્રગતિ કરવી હોય તો નવી પેઢીને બરાબર ભણાવવી પડશે.'

● **એવોર્ડ - સન્માનોથી વિભૂષિત :**

ભારત સ્વતંત્ર થયું ત્યાર બાદના ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ સૌરાષ્ટ્રની મુલાકાતે આવેલા. રાજકોટમાં યોજાયેલા ઔદ્યોગિક પ્રદર્શનમાં જેરામભાઈ નિર્મિત રીવેક્સ બ્રાંડના વોચકેસ, તેમજ મશીન ટુલ્સ કામગીરી જોઈ તેઓએ જેરામભાઈને બિરદાવ્યા હતા.

- ગુજરાતના રાજયપાલ શ્રીમતી શારદાબેન મુકરજીએ જેરામભાઈના ઘડિયાળના કારખાનાની મુલાકાત લીધી હતી. અને ત્યારબાદ રાજકુમાર કોલેજના છાત્રોને સંબોધન કરી જણાવ્યું હતું કે, 'ભણતર સાથે ગણતરનું અગત્ય પણ છે.' તેમ કહી જેરામભાઈની કાર્યશૈલીને બિરદાવી હતી.

- ઘડિયાળના ટ્રેડ પોસ્ટ દ્વારા ઘડિયાળ ઉદ્યોગમાં વિક્રમ સર્જક ઉત્પાદન કરવા બદલ જેરામભાઈને પ્રખ્યાત મેન ઓફ ધ ઈયરનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

● **રામકૃષ્ણ આશ્રમમાં અનન્ય સેવા :**

રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રથમ એવું દર્શનીય શ્રીરામકૃષ્ણ મંદિર, રાજકોટના પાયાના ચણતરથી લઈ ધજા સુધીનું સંપૂર્ણ કાર્ય જેરામભાઈને સ્વામી આત્મસ્થાનંદજી દ્વારા સોંપવામાં આવ્યું હતું. આત્મસ્થાનંદજી હાલમાં રામકૃષ્ણ આશ્રમ, બેલુર મઠમાં અધ્યક્ષપદે સેવારત છે. તેઓ જેરામભાઈને કહેતા કે, 'સાધુ ને તો સંસાર હોય પણ જેરામ તમે તો મારા ગુરુભાઈ છો,' એમ કહી આત્મસ્થાનંદજી જેરામભાઈને 'સંસારી સાધુ' કહેતા હતા. ખરેખર જેરામભાઈનું સમર્પણ અનન્ય હતું. મોરબી પુર હોનારત સમયે તેઓ પોતાના કારખાનાના કારીગરોને લઈ મોરબી રામકૃષ્ણ મંદિર સંસ્થા સાથે પહોંચી ગયા હતા અને કાદવ-કિચડ કાઢવામાં કામે લાગી ગયાં અને નવનિર્મિત રામકૃષ્ણ નગરના નિર્માણમાં પણ જોડાઈને ખડેપગે રહ્યા હતા.

● **આત્મીય સંબંધો :**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સનતભાઈ મહેતા, રાજકોટના વરિષ્ઠ કાર્યકરો, તબીબો, સામાજિક કાર્યકરો, ઉદ્યોગકારો સાથે જેરામભાઈને પારિવારિક ઘરોબો હતો.

રવજીભાઈ પટેલ (પટેલ બ્રાસ), મનસુખભાઈ શાહ, ડૉ. દસ્તુર સાહેબ, ડૉ. કપુર સાહેબ, રતિભાઈ ધીયા (ધીયા એન્જીનિયરીંગ) જગુભાઈ મોદી, કે. રસિકલાલના સૂત્રધાર રસિક કાકા, છગનભાઈ પટેલ તથા પોપટભાઈ પટેલ (પટેલ ફિલ્ડમાર્શલ) કેટકેટલાય નામ ગણાવી શકાય.

બહારગામ પણ જેરામભાઈની આત્મીયતા હતી. સુરેન્દ્રનગરમાં હિંમતભાઈ પરમાર (પરમાર લેથ) મોરબીમાં કાંતિભાઈ શાહ અને જયંતીભાઈ (એ.જે. એન્ડ કું) લાલભાઈ ગજ્જર (ફોર્જ એન્ડ બ્લોઅર, અમદાવાદ) વલ્લભભાઈ સુરેલીયા (યુનાઈટેડ ઈન્ડ.) પી. એસ. દાવર સાહેબ (વોલ્ટાસ) ધીરુભાઈ મહેતા (બોમ્બે હાર્ટવેર) વ. સ્નેહીજનો સાથે તેઓ પણ સ્નેહી બનીને ભર્યું ભર્યું જીવન જીવ્યાં હતા.

અહીં એક સુભાષિત તેમના વ્યક્તિત્વને પોંખવા માટે પુરતું છે,

● જાહોજલાલી એની નથી નાશ પામતી,
જેનું દિલ છે અમીર, ફકીરી લિબાસ છે.

અમીર દિલના લોકોની દૃષ્ટિએ ભલે કડવાં પણ અંદરથી મીઠાં, પરગજુ પણાની ભાવના ધરાવતાં, અદના મૂકસેવક, દીર્ઘદૃષ્ટા, સ્પષ્ટવક્તા, સબળ નેતા, કુશળ વહીવટીકર્તા, નિઃસ્પૃહી સેવક જેરામભાઈની ખોટ આજે પણ સાલી રહી છે. તેમને કોટિ કોટિ વંદન છે.